# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-08-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## ઉપરાષ્ટ્રપતિ પદની ચુંટણી:

ચૂંટણી પંચે દેશના ઉપરાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો છે. ચૂંટણી પંચ અનુસાર, ચૂંટણી 9 સપ્ટેમ્બરના રોજ યોજાશે અને ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ 21 ઓગસ્ટ રહેશે.

-----------------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રપત-IIT-ISM ધનબાદ :

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ IIT-ISM ધનબાદના સ્નાતક વિદ્યાર્થીઓને 2047 માં વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં ઉત્પ્રેરક ભૂમિકા ભજવવા હાકલ કરી છે. રાષ્ટ્રપતિએ ગઈકાલે ઝારખંડની તેમની બે દિવસીય મુલાકાતના બીજા દિવસે ધનબાદ ખાતે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી - ઇન્ડિયન સ્કૂલ ઓફ માઇન્સ ધનબાદના 45મા પદવીદાન સમારોહમાં આ મુજબ જણાવ્યું હતું.

સંસ્થાના ભવ્ય ભૂતકાળની પ્રશંસા કરતા, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્નાતક વિદ્યાર્થીઓને સમસ્યાઓના સરળ ઉકેલો માટે સંશોધન અને નવીનતા સાથે નવી પદ્ધતિઓ અને તકનીકી પ્રગતિ અપનાવવા વિનંતી કરી હતી.

-----------------------------------------------------------------------------------------------

## NPCI-નવા નિયમો:

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા-NPCI એ ગઈકાલથી યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ-UPI માટે નવા નિયમો લાગુ કર્યા છે. જેમાં દરેક વ્યવહાર પહેલાં પ્રાપ્તકર્તાનું નામ મોકલનારને બતાવવામાં આવશે. દરેક UPI એપ્લિકેશન વપરાશકર્તાઓ દિવસમાં 50 વખત તેમના બેંક બેલેન્સની તપાસ કરી શકશે.

NPCI એ એ પણ ફરજિયાત બનાવ્યું છે કે ઓટોમેટેડ ચુકવણી વ્યવહારો ફક્ત નોન-પીક અવર્સ દરમિયાન જ પ્રક્રિયા કરવામાં આવશે. ગ્રાહકો હવે તેમના મોબાઇલ નંબર સાથે લિંક કરેલી બેંકોની સૂચિ જોઈ શકશે. પુષ્ટિ ન થયેલ ચુકવણીના કિસ્સામાં, વપરાશકર્તાઓ ફક્ત ત્રણ વખત ચુકવણીની સ્થિતિ ચકાસી શકશે, અને દરેક પ્રયાસ વચ્ચે ઓછામાં ઓછું 90 સેકન્ડનું અંતર રહેશે.

---

## રાષ્ટ્રીય પુરસ્કાર જાહેરાત:

વર્ષ 2023ની ફિલ્મો માટે 71મા રાષ્ટ્રીય પુરસ્કારની ગઈકાલે જાહેરાત કરવામાં આવી. જેમાં ગુજરાતી અભિનેત્રી જાનકી બોડીવાલાને ગુજરાતી ફિલ્મ ‘વશ’ માટે શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો પુરસ્કાર જાહેર થયો છે. જયારે અભિનેતા શાહરૂખ ખાનને ફિલ્મ “જવાન” માટે અને વિક્રાંત મેસીને “12વી fail” માટે શ્રેષ્ઠ અભિનેતા શ્રેણીમાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો મળ્યા છે. રાની મુખર્જીને “મિસિસ ચેટર્જી v\s નોર્વે ” માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર આપવામાં આવ્યો છે.

---

## અમૃત ભારત સ્ટેશન યોજના:

રાજ્યના 87 રેલવે મથકોને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વિકસાવાશે. જેમાં અમદાવાદ, આણંદ, અંકલેશ્વર, ગાંધીધામ, જૂનાગઢ, ખંભાળિયા, મહેસાણા, સામખીયાળી,

નડિયાદ, પાલનપુર, લીમખેડા સહિતના મથકોનો સમાવેશ થાય છે. આ મથકોના વિકાસ માટે નાણાકીય વર્ષ 2025-26 માટે એક હજાર 843 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે, જેમાંથી જૂન 2025 સુધીમાં 433 કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો છે.

---

## 15મી ઓગષ્ટની ઉજવણીની બેઠક:

આગામી ૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વની કચ્છની જિલ્લાકક્ષાની ઉજવણી ભચાઉ ખાતે કરવામાં આવશે તેના અનુસંધાને કચ્છ જિલ્લા કલેક્ટર આનંદ પટેલે નાગરિકો મહત્તમ સંખ્યામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં સહભાગી થાય અને સમગ્ર કાર્યક્રમ સુચારું રીતે યોજાય તે બાબતે વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે  સમીક્ષા બેઠક યોજી જિલ્લાના ઉચ્ચ અધિકારીઓને અલગ અલગ વિભાગની કામગીરીની સોંપણી કરી હતી.

આ ઉપરાંત કલેક્ટરશ્રીએ, કાર્યક્રમની પૂર્વ તૈયારી માટે ભચાઉ ખાતે સ્થળની પસંદગી, શહેરમાં સુશોભન, વૃક્ષારોપણ, સ્ટેજ, મંડપ અને પાણીની વ્યવસ્થા, આમંત્રણ પત્રિકા, સાંસ્કૃતિક કાર્યક્રમો, વિશિષ્ટ કામગીરી બદલ અધિકારીઓ અને કર્મચારીઓનું સન્માન, પાર્કિંગ વ્યવસ્થા અને ટ્રાફિક નિયમન, સ્થળ ઉપર તબીબી સુવિધા, જાહેર કચેરીઓ ઉપર રોશની અને રીહર્સલ સહિતના મુદ્દાઓની સમીક્ષા કરીને જરૂરી માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

---

## એસ્પિરેશનલ બ્લોકની પસંદગી:

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા એસ્પિરેશનલ બ્લોક પ્રોગ્રામ હેઠળ દેશના અલ્પવિકસિત ૫૦૦ તાલુકામાંથી નક્કી કરાયેલી કાર્યક્ષમતા સૂચકાંકોમાં ૧૦૦ ટકા પૂર્તિ હાંસલ કરનાર એસ્પિરેશનલ બ્લોક તરીકે કચ્છના રાપર તથા લખપત તાલુકાની પસંદગી કરાઇ છે ત્યારે ગઈકાલે ભુજ હાટ ખાતે “સંપૂર્ણતા અભિયાન સન્માન સમારોહ” કાર્યક્રમ હેઠળ સંપૂર્ણતા અભિયાન અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનાર રાપર અને લખપત તાલુકાના અધિકારી તથા કર્મચારીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, જુલાઇ ૨૦૨૪થી સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન આયોજિત સંપૂર્ણતા અભિયાનએ આકાંક્ષી જિલ્લાઓ અને બ્લોક્સ માટે ૬ મહત્વપૂર્ણ સૂચકાંકોમાં પૂર્તિ હાંસલ કરવા માટે શરૂ કરાયેલી ઐતિહાસિક પહેલ હતી.

---

## આદિજાતિ વિસ્તારની શાળાને મંજુરી:

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા બિનઆદિજાતિ અને આદિજાતિ વિસ્તારમાં જાહેર કરેલી કુલ્લ 85 નવી સરકારી માધ્યમિક અને પાંચ ઉચ્ચ માધ્યમિક શાળા પૈકી કચ્છને પાંચ માધ્યમિક અને એક ઉચ્ચ માધ્યમિક શાળાને મંજૂરી અપાઈ છે.

આ નવી શાળાઓ પૈકી ભુજમાં મંજૂર થયેલી ઈંગ્લિશ મીડિયમની શાળા ઓલફ્રેડ ખાતે શરૂ કરાશે, જ્યારે અબડાસાના સાંધવ, મુંદરાના નાના કપાયા, લખપતના કોટડા (મઢ) તથા જાડવા ખાતે નવી માધ્યમિક શાળાને બનાવવા મંજૂરી અપાઈ છે, તો રાપરના ગેડી ગામે ધોરણ 11 અને 12ની ઉચ્ચ માધ્યમિક શાળાને સરકારે મંજૂરી આપી છે.

---